ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૧ ટકા

# તંબુ ચોકી આગ પ્રકરણમાં સેકટર-૬ ના યુવકની ધરપકડ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર સચિવાલય ગેટ નં-૭ ની પાસે તંબુ ચોકીમાં ગતરોજ સાંજના સુમારે આગ ભભુકી ઉઠી હતી. જેમાં તંબુ ચોકી અડધા ઉપર બળીને ખાક થઈ ગઈ હતી. ત્યારે તંબુ ચોકીમાં લાગેલી આગને પોલીસ વિભાગે ગંભીરતાથી લીધી હતી. ત્યારે આગ પ્રકરણમાં પોલીસે ગણતરીના સમયમાં સેકટર-૬ ના એક વ્યકિતની ધરપકડ કરી છે. જયારે યુવકે આગ ઈરાદાપૂર્વક અકારણ લગાવી હોવાનો પણ ખુલાસો થયો છે. પોલીસના હાથે પકડાયેલા યુવકે શહેરમાં અગાઉ પણ વિવિધ સ્થળ પર આગ લગાવવાની ઘટનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે.ત્યારે બનાવમાં પોલીસે ગુનો નોંધી યુવકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ગતરોજ નવા સચિવાલય ગેટ નં-૭ પાસે તંબુ ચોકીમાં આગ લાગવાની ઘટના બની હતી. જેને પગલે સેકટર-૭ પોલીસ મથકે જાણવા જોગ દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ ડીવાયએસપી એમ.કે.રાણાના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પીઆઈ એમ.બી.ભરવાડ દ્વારા સર્વેલન્સ ટીમના પીએસઆઈ એમ.એસ.રાણા અને એ.એમ.ચૌધરી સહિતના સ્ટાફના જવાનોએ બનાવવાળી જગ્યાની સ્થળ તપાસ કરી હતી. ત્યારપછી આસપાસના વિસ્તારમાં પુછપરછ કરી સીટીટીવી ફુટેજ ચેક કર્યા હતા. આ અંગે કોઈ ગુનાહિત બનવા પામેલ છે કે કેમ તે અંગે તપાસ કરી પરિણામલક્ષી કામગીરી કરવા સુચના આપી હતી. જેને પગલે સર્વેલન્સના સભ્યોએ બનાવ સ્થળની આસપાસના સીસીટીવી ફુટેજની ચકાસણી કરતા એક શખ્સ બનાવ બન્યો હતો તે સમયગાળા દરમિયાન આગ લગાડવાની પ્રવૃતિ કરતો નજરે પડ્યો હતો. જેથી પોલીસે તેની ઓળખ કરતા આ વ્યકિત સેકટર-૬ બી પ્લોટ નં.૪૮૪-૧ ખાતે રહેતા વિજયસિંહ નટવરસિંહ ચાવડા હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે ગણતરીના કલાકોમાં રાઉન્ડઅપ કરીને તેની સામે ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી પીએસઆઈ એમ.એસ.રાણા હાથ ધરી છે.



# વાવોલના હરિનગર અને વિજય એપાર્ટમેન્ટમાં રસીકરણ યોજાયુ



ગાંધીનગર, તા.૨૫

આજે વાવોલના વિજય એપાર્ટમેન્ટમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કોવિડ-૧૯ પ્રતિરોધક વેક્સિનનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં સોસાયટીના પ્રમુખ હિમાંશુભાઈ નાયક અને સોસાયટીના કારોબારી સભ્યોએ અને હેલ્થ વર્કર ગીતાબેન દ્વારા ઘરે ઘરે જઈને બધાને વેક્સિન મુકાવવા સમજાવવામાં આવ્યાં હતા. જેના પગલે ૩૧ લાભાર્થીઓને વેક્સિન આપવામાં આવી હતી. આ કાર્યમાં વાવોલ પ્રાથમિક આરોગ્ય સેન્ટરના સ્ટાફ અને હેલ્થ વર્કર પારૂલબેન સોનીનો સહકાર પ્રાપ્ત થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે વાવોલની હરિનગર સોસાયટીમાં પણ વેક્સિન કેમ્પ યોજાયો હતો જેમાં હરિનગર સોસાયટીમાં પ્રમુખ કચરાજી ગોલ તથા સોસાયટીના કારોબારી સભ્યોના પ્રયાસથી અંદાજે ૭૫ જેટલી વ્યક્તિઓને રસી આપવામાં આવી હતી.

# આજે સત્યાગ્રહ છાવણી ખાતે આઉટસોર્સિંગ કર્મચારીઓના ધરણા

## કોરોનો વોરીયર્સને નોકરીમાંથી છુટા કરતા ગુજરાત જન જાગૃતિ મંચના નેજા હેઠળ ધરણા યોજશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત જન જાગૃતિ મંચના નેજા હેઠળ આઉટસોર્સિંગના કર્મચારીઓ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૧ થી ૪ દરમિયાન ધરણાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયના વિવિધ જિલ્લામાંથી આઉટસોર્સિંગના કર્મચારીઓ ઉપસ્થિત રહીને મુખ્યમંત્રી તેમજ રાજયના આરોગ્ય કમિશરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરશે.

સમગ્ર રાજયમાં હાલના સમયે કોરોના કેસનો આંકડો સતત વધી રહ્યો છે. ત્યારે આઉટસોર્સિંગમાં ફરજ બજાવતા કોરોના વોરીયર્સ પોતાના જીવના જોખમે નાગરીકોને કોરોના સંક્રમણથી બચવવા એક વર્ષથી મહેનત કરી રહ્યા છે. ત્યારે આ કર્મચારીઓનું સન્માન કરવુ જોઈએ, તેના સ્થાને પંચમહાલ, બોટાદ, ભાવનગર અને અમરેલી જિલ્લામાં આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓને એજન્સીવાળાઓએ કોઈ કારણ વિના છુટા કરી દેવામાં આવ્યા છે. જેથી રાજયના આઉટસોર્સિંગ કર્મચારીઓમાં આક્રોશ વ્યાપી જવા પામ્યો છે. જેથી ગુજરાત જન જાગૃતિ મંચના નેજા હેઠળ કર્મચારીઓને છુટા કરવાના નિર્ણયના વિરોધમાં અને કોરોના વોરીયર્સને ફરજ પર પરત લેવડાવવા માટે તા.૨૬ માર્ચના રોજ ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૧ થી ૪ ના ધરણા યોજાશે. આ ધરણામાં અમરેલી, બોટાદ અને ભાવનગર થી કર્મચારીઓ આવશે.

# કેએસવીમાં વાહનચાલકની દ્રષ્ટિની યોગ્યતા ચકાસવાનો નિઃશુલ્ક કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

કિરણ ફાઉન્ડેશન યોગ્ય કાર્યો દ્વારા સામાજિક પ્રદાન કરતું જવાબદાર ફાઉન્ડેશન છે. આજ રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેમજ કડી વિશ્વ વિદ્યાલય સંચાલિત ગાંધીનગરની વિવિધ સંસ્થાઓના દોઢસો જેટલા વાહન ચાલકોની દ્રષ્ટિની યોગ્યતા ચકાસવા આધુનીક સાધનોથી યુક્ત કેમ્પ યોજવામાં આવ્યો હતો. કિરણ ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી કિરણભાઈ પટેલ આ સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થી પણ છે. કે.પી. ચશ્માઘર તરફથી નંબરના ચશ્મા પણ ફ્રી આપવામાં આવશે. કિરણભાઈ યુવાવયથી વિવિધ સેવાકીય કાર્યોમાં યોગદાન આપતા રહે છે. આ કેમ્પનું સંકલન એમપીએમએલવી એમએસડબલ્યુ કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. ધ ગુડ હ્યુમન બીઈંગ ફાઉન્ડેશન, ગાંધીનગર અને ઈગલ ઓવરસીઝ એજ્યુકેશન તરફથી પણ સહયોગ મળ્યો હતો.

# કલોલની શ્રીનાથ સોસાયટીમાં સેન્ટીંગના ગોડાઉનમાં જુગાર રમતા ચાર ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

કલોલ શ્રીનાથ સોસાયટીમાં સેન્ટીંગના સામાનના ગોડાઉનની ઓરડીમાં જુગાર રમતા કુલ-૪ શખ્સોને એલસીબી પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી રોકડ રૂ.૭૨,૪૮૦ તેમજ ૪ મોબાઈલ મળી કુલ રૂ.૧,૦૫,૪૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ હાલમાં પ્રોહીબિશન અને જુગાર ડ્રાઈવ ચાલી રહી છે. જેને પગલે એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પીએસઆઈ ડી.એસ.રાઓલ, એએસઆઈ ધર્મેન્દ્રસિંહ, હે.કો.અનુપસિંહ, પો.કો.રાજવીરસિંહ અને અનોપસિંહ પેટ્રોલીંગમાં હતા તે સમયે એએસઆઈ ધર્મેન્દ્રસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ રાજવીરસિંહને બાતમી મળી હતી કે અરજણભાઈ બાબુભાઈ પ્રજાપતિ (રહે, ઈફકોનગર સોસાયટી કલોલ) અન્ય શખ્સો સામે મળીને કલોલ રાધેશ્યામ સોસાયટી પાસે આવેલી શ્રીનાથ સોસાયટી સેન્ટીંગના સામાનના ગોડાઉનની ઓરડીમાં જુગાર રમાય છે. જેથી પોલીસે સ્થળ પર રેઈડ કરીને જુગાર રમતા અરજણભાઈ બાબુભાઈ પ્રજાપતિ, પરબતભાઈ વેલજીભાઈ પ્રજાપતિ (ઉં.૫૦ રહે ૪૦ શ્રીનાથ સોસાયટી કલોલ), સુખદેવભાઈ દામજીભાઈ પ્રજાપતિ (રહે, ૨૮ શ્રીનાથ સોસાયટી, કલોલ), સુરેશકુમાર માવજીભાઈ પ્રજાપતિ ( રહે, ૮ શ્રીનાથ સોસાયટી કલોલ)નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ૭૨,૪૮૦ અને મોબાઈલ ફોન નં.૪ મળી કુલ રૂ.૧,૦૫,૪૮૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





કોરોનાના વધતા કેસોને લઈને હોળી-ધુળેટીનો તહેવાર ભલે પરંપરાગત રીતે નહીં ઉજવાય અને કેટલાક બંધનોનો આપણે સામનો કરવો પડશે પરંતુ ઘરમાં રહીને સાવચેતીપૂર્વક ઉજવણી તો ચોકકસ કરવામાં આવશે. હોળી નજીક છે ત્યારે આ તહેવાર દરમિયાન ખવાતી ધાણી, ખજૂર અને હાયડાનું વેચાણ વધ્યું છે. બજારોમાં લારીઓ પર તેના ઢગલે ઢગલા જોવા મળી રહ્યા છે.



કોરોના વેકિસનેશનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. બ્રહ્માકુમારી કૈલાસદીદીએ સેકટર-૨૯ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે કોરોનની વેકિસનનો પ્રથમ ડોઝ લીધો હતો.

# જનસેવા-સુવિધા કચેરી બહાર બારી કાઉન્ટરો પર શેડ સુવિધા ઉભી કરવાની માંગ

ગાંધીનગર, તા.૨૫

કોરોના મહામારીના આપત્તિ કાળમાં ધોમધખતા ઉનાળામાં કલેકટર-મામલતદાર કચેરીમાં વિવિધ કામો માટે આવતા અરજદારોને જનસેવા-સુવિધા કાર્યાલય બહાર શેડ વગરના બારી કાઉન્ટરો હોવાથી ખુલ્લામાં ખૂબ જ તાપમાં બેસુમાર તકલીફો વેઠવી પડે છે. જેથી ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડી ગાંધીનગરના પ્રમુખ સુમંતભાઈ શાહે જણાવ્યું છે કે પહેલાં જનસેવા સુવિધા કાર્યાલયમાં જુદા જુદા કાઉન્ટર પર વિવિધ કામો માટે અરજદારો બેઠક, જરૂરી ડોકયુમેન્ટસની ઝેરોક્ષ ઈત્યાદિ સુવિધાઓ સાથે સરળતાથી કામ પતાવી શકતા હતા, જે અત્યારે ખુબ પરેશાનીઓ ભોગવી રહ્યા છે. ધોમધખતા ઉનાળામાં ઉતરોત્તર ગરમી વધી રહી છે અને તે પછી ચોમાસું આવશે. તાજેતરમાં કોરોના મહામારી કાળમાં પુનઃ કોરોના સંક્રમણ પણ ઝડપથી વધી રહ્યું છે તેમ જ તે કયારે નિયંત્રણમાં આવશે તે અનિશ્ચિત છે, તે સંજોગોમાં બારી કાઉન્ટરો બહાર ખુલ્લામાં અરજદારો ધોમધખતી ગરમીમાં અને તે પછી ચોમાસામાં વરસાદની તકલીફથી બચી શકે તેવા શેડ તાત્કાલિક તૈયાર કરી અને તે નીચે જરૂરી બેઠકો, ઝેરોક્ષ ઈત્યાદિ સુવિધાઓ તાત્કાલિક આપવી જરૂરી જ નહિ બલ્કે આવશ્યક છે.

## સંતશ્રી રોહિદાસ સેવા સમાજની સામાન્ય સભા રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૨૪

સંતશ્રી રોહિદાસ સેવા સમાજની સામાન્ય સભાનું આયોજન આગામી તા. ૨૮મી માર્ચના રોજ સવારે ૯ કલાકે યોજવામાં આવશે. આજીવન સભ્યોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વાઘેલા નવુબા જીવણજી ઉ.વ. ૯૦, સેકટર-૮
- સ્વ. નાયક શાંતાબેન ગણપતલાલ ઉ.વ. ૭૮, સેકટર-૧૭
- સ્વ. રાવલ કિરીટકુમાર નટવરલાલ ઉ.વ. ૭૮, સેકટર-૮
- સ્વ. ચૌધરી મોહનભાઈ કાનાભાઈ ઉ.વ. ૭૩, સેકટર-૨૮
- સ્વ. પ્રજાપતિ કૈલાસબેન જયંતિલાલ ઉ.વ. ૫૭, સેકટર-૨૬

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. પરમાર સોનીબેન લક્ષ્મણભાઈ ઉ.વ. ૭૫, ભાઈલાકુઈ, કપડવંજ
- સ્વ. મારવાડી મધુબેન મસ્તલાલ ઉ.વ. ૬૬, કુડાસણ
- સ્વ. ગોસ્વામી હિરાબેન દોલતરામ ઉ.વ. ૭૫, કલોલ

## શનિવારે આર્ષ પ્રવચનમાળામાં ‘ભારત : ભૌગોલિક અને સાંસ્કૃતિક’ વિષયે ઓનલાઈન વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના અક્ષરધામ ખાતે ‘આર્ષ’ શોધ સંસ્થાન અંતર્ગત આગામી તા. ૨૭મી માર્ચના રોજ ‘ભારત : ભૌગોલિક અને સાંસ્કૃતિક’ વિષયે ૯૫મા પ્રવચનનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવચન શનિવારે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન વર્ચ્યુઅલી યોજાશે.

ભારતીય સંસ્કૃતિ શાંતિને ઝંખતી માનવજાત છે જે વસુધૈવ કુટુંબકમના સૂત્ર દ્વારા આગવી ઓળખ અને અનુભવનો લાભ આપી રહી છે. આજે પણ અગ્નિ એશિયાના દેશમાં રામાયણ-મહાભારતનું ગૌરવ સચવાયેલું છે અને ભારતીય સંસ્કૃતિ તાજગી સાથે જીવંત છે. જીવંત સંસ્કારો માટે આર્ષ પ્રવચન માળાના પ્રવચન-૯૫માં સાંપ્રત સમસ્યાના ભાગરૂપે ‘ભારત : ભૌગોલિક અને સાંસ્કૃતિક’ વિષયે પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવચનમાં બૃહત્તર ભારતનો સાંસ્કૃતિક અભ્યાસ તેના જીવંત પુરાવા સમાન સેંકડો સ્લાઈડસ સાથે કરવામાં આવશે. જેમાં બીએપીએસના પૂ. અક્ષરવત્સલદાસ સ્વામી વ્યાખ્યાનનો લાભ આપશે. આ સાથે અક્ષરધામના પૂ. આનંદ સ્વરૂપદાસ સ્વામીના અધ્યક્ષીય પ્રવચનમાં ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ માટે દેશ વિદેશમાં થઈ રહેલા પ્રયાસોની ઝલક માણવા મળશે.

# ચુંટણીઓ દરમ્યાન વરિષ્ઠ નાગરિકોના આરોગ્ય બાબતે ચિંતિત શહેર વસાહત મહાસંઘ

## રાજકીય પક્ષો દ્વારા કોવિડ-૧૯ની ગાઈડલાઈનની જાળવણીમાં બેદરકારી શહેરીજનો માટે જોખમી : વરિષ્ઠ નાગરિકોને મતદાનથી અળગા રહેવા મહાસંઘ સમજાવશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓની જાહેરાત થઈ તે અગાઉથી શહેર વસાહત મહાસંઘ દ્વારા કોવિડ-૧૯ના સંક્રમણની ચિંતા વ્યકત કરતા ચુંટણીઓ મોકુફ રાખવા માટે રજુઆત કરવામાં આવી હતી. આ છતાં પણ ચુંટણીઓની તારીખો જાહેર થઈ જતા વસાહત મહાસંઘે ચુંટણીઓ મુલત્વી રાખવાની માંગ તો ચાલુ રાખી છે પરંતુ તે સાથે ચુંટણીકાર્યમાં જોતરાયેલા રાજકીય પક્ષો દ્વારા કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવતું નથી તેવી રજૂઆત સાથે નાગરિકોના આરોગ્યની સંભાળ બાબતે ચિંતા વ્યકત કરી છે. આ સ્થિતિમાં પણ જો ચુંટણીઓ મુલત્વી રાખવામાં નહીં આવે તો મહાસંઘ દ્વારા વરિષ્ઠ મતદારોને મતદાનથી અળગા રહેવા સમજાવવા સહિતના આશ્ચર્યજનક કાર્યક્રમો આપવાની ચિમકી ઉચ્ચારી છે.

ગુજરાતભરમાં દિનપ્રતિદિન કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે જયારે બીજી તરફ ચુંટણી પંચ દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓ માટે પુરજોશમાં તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ સાથે રાજકીય પક્ષો દ્વારા પણ ઉમેદવારોની પસંદગી કરવા ભરતી મેળા જેવો માહોલ સર્જવામાં આવી રહ્યો છે. જેમાં કોરોના મહામારીની ગાઈડલાઈનના ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક જેવી મહત્વની બાબતો પ્રત્યે ઉપેક્ષા શહેરના નાગરિકો માટે ફરી જોખમરૂપ સાબિત થઈ રહી છે જે દર્શાવે છે કે રાજકીય પક્ષો માટે માત્ર સભા મહત્વની છે, નાગરિકોનું સ્વાસ્થ્ય નહીં તેવું જણાવતા વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે જો સરકાર દ્વારા વસાહત મહાસંઘની શહેરમાં ચુંટણીઓ મોકુફ રાખીને વહીવટદાર નીમવાની માંગણી ગ્રાહ્ય રાખવામાં નહીં આવે તો મહાસંઘ દરેક સેકટરોમાં આશ્ચર્યજનક કાર્યક્રમો આપશે તેમજ શહેરમાં મોટી સંખ્યામાં મોજુદ વરીષ્ઠ નાગરિકોને તેમના સ્વાસ્થ્યની દરકાર માટે મતદાનથી અળગા રહેવા સમજાવશે કેમ કે તેમના માટે ચુંટણી કરતા જીંદગી વધુ મહત્વની છે.

## જન્મદિને વધામણી



નરેન્દ્રભાઈ શાહ
ડિરેક્ટર, ગાંધીનગર નાગરિક કો-ઓ બેન્ક લિ.
ફોન : ૨૩૨૪૬૪૧૭
મો. ૯૮૨૫૭ ૪૨૧૨૬



જશુબેન ઠક્કર
અગ્રણી, મહિલા પાંખ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને ગાયત્રી પરિવાર



ડો. ધ્વનિ રાઠોડ
ડર્મેટોલોજીસ્ટ



મસ્તી ત્રિવેદી




ધારા મહેન્દ્રસિંહ વાઘેલા
મો. ૯૬૬૨૩ ૫૯૭૫૫



દર્શનાબેન પી ઉપાધ્યાય
બહુચર મંડળ
મો. ૯૬૨૮૫ ૦૧૧૩૧



રાજવીરસિંહ વિક્રમસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૧૬૭૨૬



અંશ વિપુલભાઈ પુરબીયા
મો. ૯૬૬૨૫ ૨૦૫૯૦



જેનિલ વિકાસ રાવલ



સોનસિંહ ગુલાબસિંહ વાઘેલા
મો. ૯૪૨૬૦ ૧૭૩૪૮